# સર્વધર્મ એક સમાન



ધરમપુર નામનું ગામ.
તેમાં રામ અને રહીમ રહે.
બંને ગાઢ મિત્રો.
બંને સાથે જ નિશાળમાં જાય. સાથે ભણે.
રામનું ઘર રામફળિયામાં.
રહીમનું ઘર રામફળિયાની પાછળ જ કસબામાં. બંનેનાં ઘર સાવ નજીક નજીક આવેલાં.
એક હિન્દુ.
બીજો મુસલમાન.
પણ કોઈ ભેદભાવ નહિ. કોઈ ઊંચ નહિ. કોઈ નીચ નહિ. સમાન ભાવનાઓ.
રામ રહિમના ધર્મને માન આપે.
તો રહીમ રામના ધર્મનું સન્માન કરે.
તેઓ નાનપણથી જ સાથે ભણતા હતા.
બંનેમાં સદ્દગુણો ભારોભાર.
ને ધીરે ધીરે તેઓ મોટા થતા ગયા.
આગળ અભ્યાસ કરવા ગામ છોડ્યું.
જોકે તેમને આ ગમતું નહોતું, પરંતુ થાય શું? તે વિના છૂટકો જ ક્યાં હતો?
ને આગળ ભણી-ગણીને નોકરી ધંધે વળગ્યા.

પરંતુ પોતાના વતનને ભૂલ્યા નહિ.

દર વરસે બંને ગામમાં બે-ત્રણ વખત જરૂર આવે. વતનને વંદન કરે.

સમય થતાં રામે લગ્ન કર્યાં અને રહીમે પણ નિકાહ પઢ્યા. બંને એકબીજાના લગ્નપ્રસંગે ગયા. બંને પરિવારમાં આનંદ આનંદ છવાઈ ગયો.

પરંતુ એક દિવસની વાત.

ધરમપુરમાં ન બનવા જેવું બન્યું.

કોમી હિંસા ભભૂકી ઊઠી.

આવું તો સ્વપ્ને પણ ધાર્યું નહોતું.

આખા ગામે જાણ્યું.

રામ અને રહીમ આવ્યા છે. બે ભાઈબંધ આવ્યા છે. ગામમાં આપમેળે શાંતિ છવાઈ ગઈ. પણ વાત આટલાથી અટકી નહિ.

ગામના સરપંચ તે ધરમવીર. ઉપસરપંચ તે નસરૂદ્દીનભાઈ. બંનેને રામ-રહીમે વિનંતી કરી.

"ગ્રામસભા યોજો."

ને એ વિનંતી માન્ય કરવામાં આવી.

એ દિવસે રાત્રિના ૮-૦૦ વાગ્યા હશે.

ગ્રામસભા યોજાઈ.

પરંતુ ગ્રામસભામાં ન તો કોઈ ભૂતકાળની વાત થઈ કે ન તો કોમી હિંસાની વાત થઈ.

રામે શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકો વાંચ્યા.

રહીમે કુરાન વાંચ્યું.

આખું ગામ આ યુવાનોને સમજી ગયું. તેમની સદ્ભાવનાને વંદી રહ્યું.

ત્યારબાદ ભજનમંડળીઓએ ભજન લલકાર્યાં. તો મુસલમાન યુવકોએ સુંદર કવ્વાલી રજૂ કરી.

શાંતિનો પયગામ આપતી રચનાઓ સર્વે ગામલોકોને હૈયે સ્પર્શી ગઈ.

ને પછીથી પુનઃ ગામ એકતાના તારે બંધાયું અને સહકારના તંબૂરાના તાર રણઝણવા લાગ્યા.

ત્યારબાદ એ સભામાં ગ્રામજનોએ એકતા માટે શપથ લીધા.

ગામના વિકાસ માટે જ કામ કરીશું. ગામમાં એકબીજાને મદદરૂપ થઈશું. બધા જ ધર્મોને માન આપીશું.

ને ગ્રામજનોને માન એટલે દેશવાસીઓને જ સન્માન ને? ને ગ્રામસભા વીખરાઈ.

જે કોઈ લોકોએ ગામમાં કોમવાદની આગ જલાવી હતી, તેમને અત્યંત દુ:ખ થયું. ખૂબ જ પસ્તાવો થયો.

ખરેખર તે પછી કદી પણ ધરમપુરમાં ઝઘડા થયા નથી. લડાઈ થઈ નથી. હા છે એકતા, પૂરો સંપ છે.

પરસ્પર ધર્મો માટે સન્માન.

સાચે જ કહેવાય છે ને કે,

“ઈશ્વર અલ્લા તેરો નામ,
સબકો સન્મતિ દે ભગવાન.”

લેખક: ગોવિંદ દરજી ‘દેવાશું’
વાર્તા: આપણી ટુકડી ઝિંદાબાદ